14.12.2024 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

"મીઠાં બાળકો - તમારી પાસે મનમનાભવ અને મધ્યાજીભવ નાં તીક્ષ્ણ બાણ છે, આ બાણો થી તમે માયા પર વિજય પ્રાપ્ત કરી શકો છો"

પ્રશ્ન :- બાળકો ને બાપ ની મદદ કયા આધાર પર મળે છે? બાળકો બાપ નો ધન્યવાદ કયા રુપ થી માને છે?

ઉત્તર :- જે બાળકો જેટલું બાપ ને પ્રેમ થી યાદ કરે છે એટલી બાપ ની મદદ મળે છે. પ્રેમ થી વાતો કરો. પોતાનું કનેક્શન ઠીક રાખો, શ્રીમત પર ચાલતા રહો તો બાપ મદદ કરતા રહેશે. બાળકો બાપનો ધન્યવાદ માને છે, બાબા તમે પરમધામ થી આવી અમને પતિત થી પાવન બનાવો છો, તમારા પાસે થી અમને કેટલું સુખ મળે છે. પ્રેમ માં આંસુ પણ આવી જાય છે.

ઓમ શાંતિ ! બાળકો ને સૌથી પ્રિય છે મા અને બાપ. અને મા-બાપ ને પછી બાળકો છે બહુ જ પ્રિય. હવે બાપ જેમને ત્વમેવ માતા ચ પિતા કહે છે. લૌકિક મા-બાપ ને તો કોઈ એવું કહી ન શકે. આ મહિમા છે જરુર, પરંતુ કોની છે - આ કોઈ જાણતું નથી. જો જાણે તો ત્યાં ચાલ્યા જાય અને ઘણાં ને લઈ જાય. પરંતુ ડ્રામા ની ભાવી જ એવી છે. જ્યારે ડ્રામા પૂરો થાય છે ત્યારે જ આવે છે. પહેલા ફિલ્મ, નાટક હતા, જ્યારે નાટક પુરુ થતું હતું તો બધા કિરદાર સ્ટેજ પર ઉભા રહી જતા હતાં. આ પણ બેહદ નું મોટું નાટક છે. આ પણ બધું બાળકોની બુદ્ધિ માં આવવું જોઈએ - સતયુગ, ત્રેતા, દ્વાપર, કળિયુગ. આ આખી સૃષ્ટિ નું ચક્ર છે. એવું નહીં મૂળવતન, સુક્ષ્મવતન માં ચક્ર ફરે છે. સૃષ્ટિ નું ચક્ર અહીંયા જ ફરે છે.

ગવાય પણ છે એકઓમકાર સતનામ ... આ મહિમા કોની છે? ભલે ગ્રંથ માં પણ સિક્ખ લોકો મહિમા કરે છે. ગુરુનાનક ઉવાચ... હવે એકઓમકાર આ તો એ એક નિરાકાર પરમાત્મા ની જ મહિમા છે પરંતુ આ લોકો પરમાત્મા ની મહિમા ને ભૂલી ગુરુનાનક ની મહિમા કરવા લાગે છે. સદ્દગુરુ પણ નાનક ને સમજી લે છે. હકીકત માં સૃષ્ટિ ભર માં મહિમા જે પણ છે તે એક ની જ છે બીજા કોઈ ની મહિમા છે નહીં. હમણાં જુઓ બ્રહ્મા માં જો બાબા ની પ્રવેશતા ન થાત તો આ કોડીતુલ્ય છે. હવે તમે કોડી તુલ્ય થી હીરાતુલ્ય બનો છો પરમપિતા પરમાત્મા દ્વારા. હમણાં છે પતિત દુનિયા, બ્રહ્મા ની રાત્રિ. પતિત દુનિયામાં જ્યારે બાપ આવે છે અને જે એમને ઓળખી લે છે તે એમનાં પર કુરબાન જાય છે. આજ ની દુનિયામાં તો બાળકો પણ ધુંધકારી બની પડ્યા છે. દેવતાઓ કેટલા સારા હતા, હવે તે પુનર્જન્મ લેતાં-લેતાં તમોપ્રધાન બની ગયા છે. સંન્યાસી પણ પહેલા બહુજ સારા હતા, પવિત્ર હતા. ભારત ને મદદ આપતા હતા. ભારત માં જો પવિત્રતા ન હોય તો કામ ચિતા પર બળી જાય. સતયુગ માં કામ કટારી હોતી નથી. આ કળયુગ માં બધા કામ ચિતા નાં કાંટા પર બેઠેલા છે. સતયુગ માં તો એવું નહીં કહેશે. ત્યાં આ ઝેર હોતું નથી. કહે છે ને અમૃત છોડીને વિષ શા માટે ખાઈએ? વિકારી ને જ પતિત કહેવાય છે. આજકાલ મનુષ્ય તો જુઓ ૧૦-૧૨ બાળકો ને જન્મ આપતા રહે છે. કોઈ કાયદો જ નથી રહ્યો. સતયુગ માં જ્યારે બાળકો નો જન્મ થાય છે તો પહેલાથી જ સાક્ષાત્કાર થાય છે. શરીર છોડવાનાં પહેલાં પણ સાક્ષાત્કાર થાય છે કે અમે આ શરીર છોડી જઈને બાળક બનીશું. અને એક બાળક જ હોય છે, વધારે નહીં. કાયદા પ્રમાણે ચાલે છે. વૃદ્ધિ તો થવાની છે જરુર. પરંતુ ત્યાં વિકાર હોતા નથી. ઘણા પૂછે છે તો ત્યાં જન્મ કેવી રીતે થાય છે? બોલવું જોઈએ ત્યાં યોગબળ થી બધું કામ થાય છે. યોગબળ થી જ આપણે સૃષ્ટિ ની રાજાઈ લઈએ છીએ. બાહુબળ થી સૃષ્ટિ ની રાજાઈ નથી મળી શકતી.

બાબા એ સમજાવ્યું છે જો ક્રિશ્ચન લોકો પરસ્પર મળી જાય તો આખી સૃષ્ટિ નું રાજ્ય લઈ શકે છે પરંતુ પરસ્પર મળશે નહીં, કાયદો નથી કહેતો એટલે બે બિલાડી પરસ્પર લડે છે તો માખણ આપ બાળકો ને મળી જાય છે. શ્રીકૃષ્ણ નાં મુખ માં માખણ દેખાડ્યું છે. આ સૃષ્ટિ રુપી માખણ છે.

બેહદનાં બાપ કહે છે આ યોગબળ ની લડાઈ શાસ્ત્રો માં ગવાયેલ છે, બાહુબળ ની નહીં. તેમણે પછી હિંસક લડાઈ

શાસ્ત્રો માં દેખાડી દીધી છે. એમનાં થી આપણો કોઈ સંબંધ નથી. પાંડવો કૌરવો ની લડાઈ છે નહીં. આ અનેક ધર્મ ૫ હજાર વર્ષ પહેલાં પણ હતાં, જે પરસ્પર લડીને વિનાશ થયાં. પાંડવોએ દેવી-દેવતા ધર્મ ની સ્થાપના કરી. આ છે યોગબળ, જેનાંથી સૃષ્ટિ નું રાજ્ય મળે છે. માયાજીત-જગતજીત બને છે. સતયુગ માં માયા રાવણ હોતો નથી. ત્યાં થોડી રાવણ નું પુતળું બનાવીને બાળશે? પુતળા (ચિત્ર) કેવા-કેવા બનાવે છે? આવાં કોઈ દૈત્ય કે અસુર હોતા નથી. આ પણ નથી સમજતાં ૫ વિકાર સ્ત્રી નાં છે અને ૫ વિકાર પુરુષ નાં છે. એને મેળવીને ૧૦ માથા વાળો રાવણ બનાવી દે છે. જેમ વિષ્ણુ ને પણ ૪ ભુજાઓ આપે છે. મનુષ્ય તો આ સાધારણ વાત પણ સમજતા નથી. મોટો રાવણ બનાવીને બાળે છે. મોસ્ટ બિલવેડ (સૌથી પ્રિય) બાળકો ને હમણાં બેહદ નાં બાપ સમજાવે છે. બાપ ને બાળકો હંમેશા નંબરવાર પ્રિય હોય છે. કોઈ તો સૌથી પ્રિય પણ છે તો કોઈ ઓછા પ્રિય પણ છે. જેટલા સિકિલધા બાળકો હશે એટલો વધારે પ્રેમ હશે. અહીંયા પણ જે સર્વિસ (સેવા) પર તત્પર રહે છે, રહેમદિલ રહે છે, તે પ્રિય લાગે છે. ભક્તિ માર્ગ માં રહેમ માંગે છે ને? ખુદા રહેમ કરો. મર્સી ઓન મી. પરંતુ ડ્રામા ને કોઈ જાણતું નથી. જ્યારે બહુજ તમોપ્રધાન બની જાય છે ત્યારે જ બાબા નો પ્રોગ્રામ છે આવવા નો. એવું નથી, ઈશ્વર જે ઈચ્છે કરી શકે છે કે જ્યારે ઈચ્છે ત્યારે આવી શકે છે. જો એવી શક્તિ હોત તો પછી આટલી ગાળો કેમ મળે? વનવાસ કેમ મળે? આ વાતો બહુજ ગુપ્ત છે. શ્રીકૃષ્ણ ને તો ગાળો મળી ન શકે. કહે છે ભગવાન આ નથી કરી શકતા! પરંતુ વિનાશ તો થવાનો જ છે પછી બચાવવાની તો વાત જ નથી. બધાને પાછાં લઈ જવાનાં છે. સ્થાપના-વિનાશ કરાવે છે તો જરુર ભગવાન હશે ને? પરમપિતા પરમાત્મા સ્થાપના કરે છે, કોની? મુખ્ય વાત તમે પૂછો જ આ કે ગીતા નાં ભગવાન કોણ? આખી દુનિયા આમાં મૂંઝાયેલી છે. તેમણે તો મનુષ્ય નું નામ નાખી દીધું છે. આદિ સનાતન દેવી-દેવતા ધર્મ ની સ્થાપના તો ભગવાન વગર કોઈ કરી ન શકે. પછી તમે કેવી રીતે કહો છો શ્રીકૃષ્ણ ગીતા નાં ભગવાન છે. વિનાશ અને સ્થાપના કરાવવી કોનું કામ છે? ગીતા નાં ભગવાન ને ભૂલી ગીતા ને જ ખંડન કરી દીધી છે. આ મોટા માં મોટી ભૂલ છે. બીજું પછી જગન્નાથપુરી માં દેવતાઓનાં બહુજ ગંદા ચિત્ર બનાવ્યાં છે. સરકાર ની મનાઈ છે ગંદા ચિત્ર રાખવાની. તો આનાં પર સમજાવવું જોઈએ. આ મંદિરો પર કોઈ ની બુદ્ધિમાં આ વાતો આવતી નથી. આ વાતો બાપ જ બેસી સમજાવે છે.

જુઓ, બાળકીઓ કેટલા પ્રતિજ્ઞા પત્ર પણ લખે છે. લોહી થી પણ લખે. એક કથા પણ છે ને? શ્રીકૃષ્ણને લોહી નીકળ્યું તો દ્રૌપદીએ પોતાનાં ચીર (કપડાં) ફાડીને બાંધી દીધાં. આ પ્રેમ છે ને? તમારો પ્રેમ છે શિવબાબા ની સાથે. એમનું (બ્રહ્માનું) લોહી નીકળી શકે છે, એમને દુઃખ થઈ શકે છે પરંતુ શિવબાબા ને ક્યારેય દુઃખ નથી થઈ શકતું કારણ કે એમને પોતાનું શરીર તો છે નહીં. શ્રીકૃષ્ણ ને જો કાંઈ લાગે તો દુઃખ થશે ને? તો તેને પછી પરમાત્મા કેવી રીતે કહી શકાય? બાબા કહે છે હું તો દુઃખ-સુખ થી ન્યારો છું. હા, બાળકો ને આવીને સદા સુખી બનાવું છું. સદા શિવ ગવાય છે. સદા શિવ, સુખ આપવા વાળા કહે છે - મારા મીઠાં-મીઠાં સિકિલધા બાળકો જે સપૂત છે, જ્ઞાન ધારણ કરી પવિત્ર રહે છે, સાચા યોગી અને જ્ઞાની રહે છે, તે મને પ્રિય લાગે છે. લૌકિક બાપ ની પાસે પણ કોઈ સારા, કોઈ ખરાબ બાળકો હોય છે. કોઈ કુળ ને કલંક લગાડવા વાળા નિકળી જાય છે. બહુજ ગંદા બની જાય છે. અહીંયા પણ એવાં છે. આશ્ચર્યવત્ બાળક બનન્તી , સુનન્તી , કથન્તી પછી ફારકતી દેવન્તી ... એટલે જ નિશ્ચય પત્ર લખાવાય છે. તો તે લખાણ પછી સામે અપાશે. લોહી થી પણ લખીને આપે છે. લોહી થી લખીને પ્રતિજ્ઞા કરે છે. આજકાલ તો કસમ પણ લેવડાવે છે. પરંતુ તે છે ખોટી કસમ. ઈશ્વર ને હાજીર-નાજીર જાણવાં અર્થાત્ આ પણ ઈશ્વર છે, હું પણ ઈશ્વર કસમ લઉં છુ. બાપ કહે છે હમણાં તમે પ્રેક્ટિકલ માં હાજીર-નાજીર જાણો છો. બાબા આ આંખો રુપી બારીઓથી જુએ છે. આ પારકું શરીર છે. લોન પર લીધું છે. બાબા ભાડેદાર છે. મકાન ને કામ માં લેવાય છે ને? તો બાબા કહે છે હું આ તન કામ માં લાવું છું. બાબા આ બારીઓ થી જુએ છે. હાજીર-નાજીર છે. આત્મા જરુર ઓર્ગેન્સ (અંગો) થી જ કામ લેશે ને? હું આવ્યો છું તો જરુર સંભળાવીશ ને? અંગો વાપરે છે તો જરુર ભાડું પણ આપવું પડશે?

આપ બાળકો આ સમયે નર્ક ને સ્વર્ગ બનાવવા વાળા છો. તમે રોશની આપવા વાળા, જાગૃત કરવા વાળા છો. બીજા તો બધાં કુંભકરણ ની નિંદ્રા માં સૂતેલાં છે. તમે માતાઓ જગાડો છો, સ્વર્ગ નાં માલિક બનાવો છો. આમાં બહુમતિ માતાઓની છે એટલે વંદે માતરમ્ કહેવાય છે. ભીષ્મ પિતામહ વગેરે ને પણ તમે જ બાણ માર્યા છે. મનમનાભવ-મધ્યાજીભવ નું બાણ કેટલું સહજ છે. આ જ બાણો થી તમે માયા પર પણ જીત પામી લો છો. તમારે એક બાપ ની યાદ, એક ની શ્રીમત પર જ ચાલવાનું છે. બાપ તમને એવાં શ્રેષ્ઠ કર્મ શીખવાડે છે, જે ૨૧ જન્મ ક્યારેય કર્મ કૂટવાની દરકાર જ ન પડે. તમે એવરહેલ્દી-એવરવેલ્દી બનો છો. અનેક વાર તમે સ્વર્ગનાં

માલિક બન્યાં છો. રાજ્ય લીધું અને પછી ગુમાવ્યું છે. તમે બ્રાહ્મણ કુલ ભૂષણ જ હિરો-હિરોઇન નો પાર્ટ ભજવો છો. ડ્રામા માં સૌથી ઊંચો પાર્ટ આપ બાળકોનો છે. તો આવાં ઊંચ બનાવવા વાળા બાપની સાથે ખુબજ પ્રેમ જોઈએ. બાબા તમે કમાલ કરો છો. ન મન, ન ચિત્ત, અમને થોડી ખબર છે? અમે તો નારાયણ હતાં. બાબા કહે છે તમે તો નારાયણ અથવા તો લક્ષ્મી, દેવી-દેવતા હતાં પછી પુનર્જન્મ લેતાં-લેતાં અસુર બની ગયા છો. હમણાં ફરી પુરુષાર્થ કરી વારસો પામો. જેટલો જે પુરુષાર્થ કરે છે, સાક્ષાત્કાર થતો રહે છે.

રાજ્યોગ એક બાપે જ શીખવાડ્યો હતો. સાચો-સાચો સહજ રાજયોગ તો તમે હમણાં શીખવાડી શકો છો. તમારી ફરજ છે બાપ નો પરિચય બધાંને આપવો. બધા નિધન નાં થઈ ગયાં છે. આ વાતો પણ કલ્પ પહેલા વાળા કોટો માં કોઈ જ સમજશે. બાબાએ સમજાવ્યું છે, આખી દુનિયામાં મહાન મૂર્ખ જોવા હોય તો અહીં જુઓ. બાપ જેમનાથી ૨૧ જન્મ નો વારસો મળે, એમને પણ ફારકતી આપી દે છે. આ પણ ડ્રામા માં નોંધ છે. હમણાં તમે સ્વયં ઈશ્વર ની સંતાન છો. પછી દેવતા, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર ની સંતાન બનશો. હમણાં આસુરી સંતાન થી ઈશ્વરીય સંતાન બન્યા છો. બાપ પરમધામ થી આવીને પતિત થી પાવન બનાવે છે તો કેટલો ધન્યવાદ માનવો જોઈએ. ભક્તિ માર્ગ માં પણ ધન્યવાદ કરતા રહે છે. દુઃખ માં થોડી ધન્યવાદ માનશો? હમણાં તમને કેટલું સુખ મળે છે તો બહુ જ પ્રેમ હોવો જોઈએ. આપણે બાપ સાથે પ્રેમ થી વાતો કરીશું તો કેમ નહીં સાંભળે? કનેક્શન છે ને? રાત નાં ઊઠીને બાબા સાથે વાતો કરવી જોઈએ. બાબા પોતાનો અનુભવ બતાવતા રહે છે. હું બહુ જ યાદ કરું છું. બાબા ની યાદ માં આંસુ પણ આવી જાય છે. આપણે કેવાં હતા, બાબાએ કેવા બનાવી દીધા છે-તત્વમ્. તમે પણ તે બનો છો. યોગ માં રહેવા વાળાને બાબા મદદ પણ આપે છે. જાતેજ આંખ ખુલી જશે. પલંગ હલી જશે. બાબા અનેકો ને ઉઠાડે છે. બેહદ નાં બાપ કેટલો રહેમ કરે છે? તમે અહીં કેમ આવ્યા છો? કહે છે બાબા ભવિષ્ય માં શ્રી નારાયણ ને વરવાની શિક્ષા મેળવવા આવ્યા છીએ અથવા લક્ષ્મી ને વરવા માટે આ પરિક્ષા પાસ કરી રહ્યા છીએ. કેટલી વન્ડરફુલ સ્કૂલ છે? કેટલી વન્ડરફુલ વાતો છે? મોટા માં મોટી યુનિવર્સિટી છે. પરંતુ ગોડલી યુનિવર્સિટી નામ રાખવા નથી દેતાં. એક દિવસ જરુર માનશે. આવતા રહેશે. કહેશે બરાબર કેટલી મોટી યુનિવર્સિટી છે? બાબા તો પોતાનાં નયનો પર બેસાડી તમને ભણાવે છે. કહે છે તમને સ્વર્ગ માં પહોંચાડી દઈશ. તો આવાં બાબા સાથે કેટલી વાતો કરવી જોઈએ? પછી બાબા બહુ જ મદદ કરશે. જેમનું ગળું ઘુંટાયેલું છે, એમનું તાળું ખોલી દેશે. રાત નાં યાદ કરવાથી બહુ જ મજા આવશે. બાબા પોતાનો અનુભવ બતાવે છે. હું કેવી વાતો કરું છું, અમૃતવેલે.

બાપ બાળકોને સમજાવે છે ખબરદાર રહેજો. કુળ ને કલંકિત નહીં કરતાં. ૫ વિકાર દાન માં આપી પછી પાછાં નહીં લેતા. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપ નાં પ્રિય બનવા માટે રહમદિલ બની સર્વિસ પર તત્પર રહેવાનું છે. સપૂત, આજ્ઞાકારી બની સાચા યોગી કે જ્ઞાની બનવાનું છે.
2. અમૃતવેલે ઉઠી બાપ સાથે બહુજ મીઠી-મીઠી વાતો કરવાની છે, બાપ નો ધન્યવાદ માનવાનો છે. બાપ ની મદદ નો અનુભવ કરવા માટે મોસ્ટ બિલવેડ (સૌથી પ્રિય) બાપ ને બહુજ પ્રેમ થી યાદ કરવાનાં છે.

વરદાન :- સદા ઉમંગ - ઉત્સાહ માં રહી મન થી ખુશી નાં ગીતો ગાવા વાળા અવિનાશી ખુશનસીબ ભવ

તમે ખુશનસીબ બાળકો અવિનાશી વિધિ થી અવિનાશી સિદ્ધિઓ પ્રાપ્ત કરો છો. તમારા મન થી સદા વાહ-વાહ ની ખુશી નાં ગીતો વાગતા રહે છે. વાહ બાબા! વાહ તકદીર! વાહ મીઠો પરિવાર! વાહ શ્રેષ્ઠ સંગમ નો સુવર્ણ સમય! દરેક કર્મ વાહ-વાહ છે એટલે તમે અવિનાશી ખુશનસીબ છો. તમારા મન માં ક્યારે વાય, આય (કેમ, હું) નથી આવી શકતું. વાય નાં બદલે વાહ-વાહ અને આય નાં બદલે બાબા-બાબા શબ્દ જ આવે છે.

સ્લોગન :- જે સંકલ્પ કરો છો એને અવિનાશી ગવર્મેન્ટ નો સ્ટેમ્પ લગાવી આપો તો અટલ રહેશે.